# આપણે આપણને

દેખવું અને એને વર્ણવવું એને કહે કવિતા.
કવિતાથી પહેલાં હતી બોલી.
બોલીનાં જ પવન અને અવકાશ કવિતામાં.
બે મનેખ વચ્ચેના અવકાશમાં બોલ બંધાય બંધાય ને અનંતમાં ઓગળી જાય.
એ બોલ 'હતો' એવો ભણકારો  રહે માત્ર.

એનું દ્વાર છે શ્રૂતિ.
બોલનારના અને સાંભળનારના મુખની ચમક
નાની મોટી થતી આંખ, ગાલનું ખંજન,
હોઠનો મરોડ, દંતપંક્તિનું તેજ,
પ્રાણનું, શ્વાસનું કંપન અને આકાશનો ગોરંભ, વાયુની સાખ
આ બધું બોલાતા શબ્દથી
જીવનમાં અનુભવાતી કવિતામાં ભળાય ને નસોમાં ઉતરે.
આ ઐશ્વર્યમાં કવિતા સદીઓથી વહેતી આવી.
આપણને મળેલી ખરી ચિનગારી છે બોલાતો શબ્દ.

લોકોને બોલી હોય અને શિષ્ટજનોને ભાષા હોય– આ કેવું?

શિષ્ટજનોમાંથી જ એક રાજા થાય.
કેમ લોક અને રાજા એકમેકનાં વિપરીત ઘટકો છે?
વાટમાં આવા સવાલો આવે છે.

લોકની બોલતી ધારાને આપણે ઝીલી નહિ
એટલે એનો કે આપણો પ્રાણ આપણને ઓળખાયો નહિ.
સીમાઓને ભજતાં રહી,
આપણે અસીમને પડકારતાં જ રહ્યાં માત્ર.
એથી સત્ ની ખેતી ચૂકી ગયાં.

વળી સત્ ની જીવતી ખેતીમાં રહેનારાંને સતત વ્રાત્ય, બાહ્ય, ઇતર આપણે જ ગણ્યાં.
‘આદિ’ સંજ્ઞા ય લઇ લેવા બળિયાં મચ્યાં છે.

તોય અણપુંથિયા જીવ હૈયામાં ઉતરીને હરખમાં, શોકમાં હલકથી ગાય છે.
પુંથિયાં બધું ખોળે છે ઉત્સવોના અવશેષમાં, માત્ર લેખનમાં.
અરે! ઉત્સવના ડેરા ત્યાંથી ઊઠી ગયા હોય છે.

વાત આટલી છે,
ભંગૂર અવતરે,
સુવાસ મૂકીને જતું રહે.
હદ અને બેહદમાં જીવતી,
વિરમતી બોલીની શગને સંકોરવી.
બોલીના અને લખણીના ખભા મેળવવા.
કાળી રાતમાં ગોઠિયાંને હોંકારી, પંથક હર્યોભર્યો કરવો.
બોલી અને લખણીના બે પગ
વારાફરતી આગળ કરી
ચાલવું મ્હાલવું દીવાભેર
જીવનમાં, કવિતામાં.

કેટલાં રૂપકોનાં રમકડાં
ઘડ્યાં આટલી અમથી વારમાં!

આ મેળો છે.
બોલવાની અને સાંભળવાની અદલાબદલી પણ થાય છે.
મળતાં અને છૂટાં પડતાં
આપણે આપણને
કે પરસ્પરને હળવેક ટકોરીએ છીએ : સંભારજો અમને.
ના ભૂલતાં.

# આભાર

નામો પાડું છું

સાહચર્ય વાર્ષિકી, એતદ્, પરબ, સમીપે, નવનીત સમર્પણ
કાર્યશાળા સરખાં સામયિકોનો, સંપાદકોનો

કવિતા સારુ સ્નેહ, હરખ અને હોંશ ભરવા બદલ
સહુ સહૃદયોનો

ગીતા-ભરત નાયક, દિલીપ ઝવેરી, ગુલામમોહમ્મદ શેખ,
હરીશ મીનાશ્રુ, કમલ વોરા, કિરીટ દૂધાત, નૌશિલ મહેતા,
અતુલ ડોડિયા, ગોપિકા જાડેજા, જયદેવ શુક્લ, દીપક દોશી,
ભરત મહેતા, પીયૂષ ઠક્કર, રાજેશ પંડ્યા, રમણીક સોમેશ્વર,
રાજેન્દ્ર પટેલ, બિપિન પટેલ, યોગેશ જોષી, દીપક રાવલ,
દક્ષા ભાવસાર અને સાહચર્યના સાથીઓનો

અગાઉ
'જનપદ', 'ડુંગરદેવ', 'ધરતીનાં વચન', 'દેશ'
અને હવે
'અમને ના ભૂલતાં'
ભાવકો સમક્ષ રજૂ કરું છું.

– **કાનજી પટેલ**


## અમને ના ભૂલતાં-૧

ગઈ કાલની જેમ
આજે નીકળીને હું
વડ તળે પહોંચું છું
વચન પાળવા સંધ્યાકાળે

કાયમી વડ છે
આથમણે કાયમની જેમ
સૂરજ પહોંચ્યો
અને ઘડી વારમાં ડૂબી ગયો
થોડી વારમાં બધાં પંખી બોલતાં થંભી ગયાં
એમનેય ખબર કે પૉરો ખાવાની વેળા આવી

બરાબર એમ જ
ગામની છોકરીઓ મૌનવ્રત ધરે
આકાશમાં તારા દેખાય ત્યારે
વ્રત છોડાવે
આગળ-પાછળ કોઈ હોય
એને ઇશારો કરી વ્રત છોડાવવા કહે

વ્રત છોડાવનાર કહે,
સાંજ પડી
સંધ્યા પડી
આરા ઊગ્યા
તારા ઊગ્યા
અંટ વાગ્યા
ઘંટ વાગ્યા
સીતાજીની વાડી ફૂલી
વાડીમાં આયફળ
જાયફળ સદાય ફળ
મુનિઓનાં મૌન છૂટ્યાં
બોલો મુનિ, રામ રામ



## અમને ના ભૂલતાં-૨

વડવા પાછા જોવા આવે છે સંધ્યાકાળે
વડલે બધું શાંત છે કે નહીં

મૌનની ઘડી છે
સાયબરવેળાએ બધું જાગે છે
સ્ક્રીન દિનરાત ઝગમગે છે
કશું કે કોઈ મૌન ધરતું નથી
પંખી કહે
વ્રત કરતી કન્યા કહે
અમે અમારી વાટે પડશું
સંધ્યાકાળે મૌન રાખજો

એમને ખબર છે
ક્યારે બોલવું ને ક્યારે મૌન ધરવું
સંધ્યાકાળે કોયલ બોલે ને થોડું મૌન ધરે વડલેથી
મોર બોલે ડુંગરેથી
છોકરી મૌન લે અને છોડે
પછી કહે
અમને ના ભૂલતાં

## અમને ના ભૂલતાં-૩

આ ચીતરું છું એ
માત્ર કુટુંબઆંબો નથી
દાયકાઓ પછી
એક રવિવારે
જુદો સૂરજ ઊગ્યો છે
ઢોર ચરાવતાં
આંબા હેઠ બેસી
પચ્ચીસ વર્ષના
જોબન ભરેલા મને
સોમાં પાંચ વરસ કમ એવા
ભેંમકાકા કહી રહ્યા છે
સાંભળું છું

‘વજુ ડોસાના ત્રણ દીકરા
વીરજી, કુબેર અને નારણ’

‘વીરજી દાદાની લીટીમાં હું આવું
મનજી વજુની લીટીમાં રાયજી,
તારા બાપા, બરાબર ને?’

મેં કહ્યું, ‘હા,
હું રાયજીભાઈનો મોટિયાર’
એમના મોં પર લાલી આવી ગઈ
હોકો પીતાં એમની ફૂંક અટકી ગઈ
મને હોકો ધરીને કહી રહ્યા,
‘લે, પી’

આદેશ હતો
ટળે?
એ રવિવારે એમણે અને મેં
ધરાઈને હોકો પીધો

એ કહે,
અમે આપણા બાપીતા ગામથી અહીં આવ્યા
ડુંગર વચાળે અમને
ચાર પેઢીઓ થઈ અહીં
તમે ઉકરડીમાં રહ્યા
અહીં જમીન, પાક
અને બધું સારું
બસો મણ મકાઈ
ચારસો મણ ડાંગર
તુવેર નેવું-સો મણ ખરી
ઘઉં સો મણ

છોકરાં ભણાવ્યાં
વટવહેવાર સારો ચાલે
તમે મેદાનમાં મહાલો છો
અમે ડુંગરોમાં પડ્યા છીએ
જોજો, ભાઈ
અમને ભૂલી ના જતા

## અમને ના ભૂલતાં-૪

કરી કરીને શું કરે?
આખા ઘરની નજર
કોઠીમાં દાણા પર
છાશની દોણી પર
વસ્તુમાં વસ્તુ તો કહે બે
એક કઢી ને બીજો રોટલો


ખૂણામાં ઘંટી ફેરવે મા
અંધારાનાં ગાણાં ચઢે
મા અને ઘંટી ભેગાં ગાય
સરે લોટ અરવ રવમાં

પેટનો ખાડો બોલે
કે છોકરાં આંખ ખોલે
જીવ દોડે કથરોટે
ભડભડ ચૂલો જાગે
કલેડામાં રોટલો ફૂલીને દડો
મનોમન સોડમ લે
છોકરાં બેબાકળાં

હવે ઘંટીના થાળામાંથી
માએ લોટ કાઢ્યો
રોટલા ઘડ્યા
જૂની પીળી છાશની કઢી કરી
છોકરાં કરે કઢી રોટલાના કોળિયા
અને માએ વાત માંડી

બળદ પેઠે જોતરાઈ ધાન પકવ્યું
ટક્યાં ને તમને ટકાવ્યાં
સુખ કોને કહે એની
અમને ખબર નથી
કોદરા ખાઈ કાળ કાઢ્યા
અંગે લૂગડા પર લૂગડું નથી જોયું

વહાલાં,
ખાજોપીજો
કોહળ[1]માં જીવજો હરખે
અમે વાટે પડીશું
અમને ભૂલી ના જતાં



*1 કોહળ = કુશળ*

## અમને ના ભૂલતાં-૫

સાંજે મા ઊભી છે ખળામાં
આકાશમાં થતો ગરુંણાટ સાંભળી
નેજવું કરી મા ઊંચે જુએ છે
છોરાને બોલાવી કહે છે
જો, વિમાન આવ્યું
છોરું નેજવું કરી
ઝીણી આંખે તાકે છે
પે...લ્લું દેખાય વિમાન
વિમાનના પૂંછડે બંધાઈ
છોરું ઊડવા લાગ્યું
ને ઊતર્યું ઉનાળુ રાતની ધરતી પર
ખાટલામાં ઠંડી થયેલી ગોદડીને
એણે ગાલ અને કાન અડાડ્યા છે
એક આંખ આકાશમાં માંડી
ને બીજી નીંદરમાં

મા કહે છે
આકાશી તારા છે એ
ઊભાં ઠેરવેલાં વિમાન છે
દિવસે એ દેખાતાં નથી
ઉપર જોતી મા
ધરતીને હાથ અડાડી
પાછો છાતીએ અડાડે છે

છોરું કહે,
વિમાનના પૂંછડે મેં આકાશ ઊડી લીધું
એની ખબર તને પડી?


એટલામાં તમરાં બોલવા લાગ્યાં
કેટલું?
પેટ ફાટી જાય એટલું
સંસારના ગરુંણાટ અને ત્રમત્રમાટ
બેઉ ભેગા સંભળાય છે
ખળાની ધારે
એ બેય જીવોને



મા કહે,
એ વિમાનમાં દાદી અને દાદા
હા, બચુ,
એક દિવસ હું ત્યાં જઈશ

મા, મને સાથે લેતી જઈશ?

માએ નાનીશી બચીમાં
એને ઢબૂરી દીધું



## અમને ના ભૂલતાં-૬

કાળો ઉનાળો છે
આંબાવાડિયું લીલુંછમ છે
એના હેઠ ઝીણી વેળુ જેવી માટી
એમાં ભૂવા નામનાં જીવડાં
નાના ભમરડા આકારના ખાડા કરે છે

કાળા ઉનાળે વાડિયામાં છોકરાં રમે
પોતપોતાનો ખાડો શોધે છે
ઢીંચણ અને હથેળીના ટેકે
જીવડાંના ખાડામાં તાકે ને બોલે છે
ભૂવા, ભૂવા, તારા ઘરમાં ચોર પેઠા
લાકડી લઈને આવજે
થાય પણ એવું જ કે
ખાડામાં જીવડું પ્રગટ થાય
હોય નહીં તોય દેખાય એના હાથમાં લાકડી
અને ચોર નાસતો દેખાય

આજે ફરી કાળા કોરા ઉનાળે
સૂકાં આંબાવાડિયાં તળે
જીવડાંના ઘરમાં લળી લળીને
બૂમ પાડીએ અમે

ભૂવા, ભૂવા, તારા ઘરમાં ચોર પેઠા
લાકડી લઈને આવજે
જગતમાં શબ્દ ફરી વળ્યો છે
પડઘાય છે
તારા ઘરમાં ચોર

ઘરમાં ચોર
ઘરમાં ચોર
ચોર

## અમને ના ભૂલતાં-૭

દાદા, તમારા દાદા ક્યાં ગયા?
દાદાએ આંગળી કરી
કહે, પે...લો તારો છે ને
એ છે પરદાદા
ક્યારે આવશે નીચે?


ઉપર ગયા એ
રોજ ન આવે નીચે
વારતહેવારે આવે
આપણે ઊંઘતાં હોઈએ ત્યારે
મધરાત કેડ્ય ઊતરે

પગના પંજા પર ચાલતા
કોઈ ન જાગી જાય એમ આવે
કોઢ, કોઠાર, રાંધણિયે,
આગલી-પાછલી ઓસરીમાં જોઈ વળે
છેલ્લે લીંપણ પર બેસે
મોટા હોય ને ઊંઘતા હોય
એમના કાનમાં કહે
ગઈ કાલની, આવતી કાલની વાત
રોજ બાળ પૂછે, મને ક્યારે કહેશે વાત?
અને રોજ દાદા કહે, આવતી કાલે

## અમને ના ભૂલતાં-૮

દાદા ચૂલો સળગાવે
એના પર ઈંટાળો ગોઠવે
હા કે હવે બરાબર તપી ગયો
એટલે એને જાડા કપડામાં વીંટે
પેટ અને કેડ ફરતું કપડું લપેટે
ગરમ ઈંટાળાથી
પેટ અને કમરમાં કરોડ પર શેક કરે
પેટનો, મણકાનો વા મારવા
એમની કાયમની આ ટેવ
ઊતરતા શિયાળે અને બેસતા ચોમાસે
આદિવેળાથી લઈને
બેસણું કરી ગયેલો વા
એને એ રોજ શોધે કાયામાં
હૂંફ અને અંગારા એ શોધે વાને શેકવા
પથારીમાં બેઠા થઈને
પ્રજાને એ સાદ પાડે

કહે, મને ગરમ ઈંટાળે શેકો બરાબર
કોઈ ન સાંભળે
એટલે રાડ નાખે
ઘાંટો પાડે
પછી તણખા ઝરે
ને ભડકા થાય
દાવાનળ ભભૂકે
એમાં દુનિયા ધીકી જાય
આખર રાખ બોલે
હવે હોંકારો ભરનારો ન રહે
બડો લોખંડી વા પણ ન રહે.



# અમને ના ભૂલતાં-૯

અદ્દલ વાંસાની લાકડી
ને અંગૂઠો ઉપર દાબ્યો જી
હા હા એ જ ઠેકાણું છે
એ ઠેકાણે પેઠાં દુઃખડાં જી
હથેળીનું દર્પણ જોયું
એમાં ભળાય ટેકરી જી
અણદાભાઈની પાટડી આ
સોડમાં ઊભી ડુંગરી જી
ત્યાંથી ચાલ્યાં તળાવડી
એમાં લૂગડાં ધોવાય જી
સમી સાંજનાં નહાવા ગ્યાં'તાં
ત્યાંથી જાગ્યાં દુઃખડાં જી
ધધરી વેળા ટાણ અસૂરી
કીડી વેશે આવ્યાં જી
કીડી વેશે પેઠાં દુઃખડાં
હાથી વેશે નીકળ્યાં જી